# ગોલ્ડ ફરી હાથતાળી આપી ગયો, એથ્લેટિક્સ, શૂટિંગ, ભાલા ફેંકમાં સિલ્વર આવ્યા

**શૂટીંગમાં** એશા સિંહ, લોન્ગ જમ્પમાં મુરલી શ્રીશંકર, દોડમાં ગુલવીર અને ભાલા ફેંકમાં યશવીરે સિલ્વર જીત્યા

**વિથ્યાએ** 400 મીટર હર્ડલ્સમાં, પારુલે 5000 મીટર દોડમાં, રોહિતે ભાલા ફેંકમાં જ્યારે પિન્કીએ કુરાશમાં બ્રોન્ઝ જીત્યો

**સ્કવોશમાં** પુરુષ-મહિલા ટીમ અંતિમ આઠમાં, ક્રિકેટમાં પુરુષ ટીમ સેમીમાં પહોંચી, વધુ ત્રણ બોક્સર સમી ફાઇનલમાં

**પિસ્તોલ** શૂટિંગમાં મનુ ભાકર, સ્ટીપલ ચેઝમાં અવિનાશ સાબલે, તિરંદાજીમાં જ્યોતિ સુરેખાને હાથ નિરાશા જ આવી

*નાગોયા, તા. 28 : એશિયન ગેમ્સમાં ભારત માટે આજે સોમવારનો દિવસ ફરી એકવાર ગોલ્ડ મેડલ વગરનો રહ્યો હતો અને કેટલીક રમતોમાં ગોલ્ડ હાથતાળી આપી ગયો હતો. યુવા શૂટર એશા સિંહ, લાંબા અંતરના દોડવીર ગુલવીર સિંહ, લોન્ગ જમ્પર મુરલી શ્રીશંકર અને ભાલા ફેંક એથ્લેટ યશવીરે સિલ્વર મેડલ જીત્યા હતા. આ સિવાય 400 મીટર હર્ડલ્સમાં વિથ્યા રામરાજ, 5000 મીટર દોડમાં પારુલ ચૌધરી, ભાલા ફેંકમાં રોહિત યાદવ તેમજ કુરાશમાં પિન્કી બલહારાએ બ્રોન્ઝ મેડલ જીતીને ભારતની મેડલ ટેલિમાં ઉમેરો કરાવ્યો હતો. એક તરફ 25 મીટર પિસ્તોલ શૂટિંગમાં એશાએ ઉત્તર કોરિયાની શૂટર સામે ત્રણ અને ચીનની શૂટર સામે બે મળીને કુલ પાંચ શૂટઓફમાંથી પાસ થયા પછી સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે ઓલિમ્પિક્સ મેડલિસ્ટ મનુ ભાકર 25 મીટર મહિલા પિસ્તોલ સ્પર્ધામાં ટીમ તેમજ વ્યક્તિગત ઇવેન્ટમાંથી મેડલ વિના બહાર થઈ ગઈ હતી. વિથ્યા રામરાજે મહિલાઓની 400 મીટર હર્ડલ્સમાં સુપ્રસિદ્ધ પીટી ઉષાના ચાર દાયકાથી વધુ જૂના રાષ્ટ્રીય રેકોર્ડને તોડીને બ્રોન્ઝ જીત્યો હતો. કુરાશ ખેલાડી પિન્કી બલહારાએ અંડર-78 કિગ્રા કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીતીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ક્રિકેટમાં અફઘાનિસ્તાન સામેની મેચ વરસાદે ધોઇ નાંખતા ભારતીય પુરુષ ટીમ સેમીમાં પહોંચી હતી. જ્યારે સ્ક્વોશમાં પુરુષ અને મહિલા ટીમે અનુક્રમે કોરિયા અને જાપાનને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.બોક્સિંગમાં લવલીના બોરગોહેન, પ્રિયા ઘંઘાસ અને કપિલ પોખરિયા સેમીફાઇનલમાં પહોંચતા મેડલ પાકા થયા હતા. જોકે, તીરંદાજીમાં મહિલા વ્યક્તિગત કમ્પાઉન્ડ ચેમ્પિયન જ્યોતિ સુરેખા ક્વાર્ટર ફાઇનલમાં હારી તેમજ અનુભવી ટ્રેક એથ્લીટ અવિનાશ સાબલે પુરુષોની 3000 મીટર સ્ટીપલચેઝમાં પોતાનો ખિતાબ જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યો હતો.*

## એશિયન ગેમ્સમાં ભારતનું આજનું શેડ્યુલ

**સર્ફિંગ :** પુરુષ શોર્ટબોર્ડ ક્વાર્ટરફાઇનલ : સવારે 4:54 વાગ્યે
**તીરંદાજી :** પુરુષ રિકર્વ વ્યક્તિગત ઇવેન્ટ, એલિમિનેશન રાઉન્ડ : સવારે 5:30 વાગ્યે
**કુરાશ :** પુરુષ 66 કિગ્રા, રાઉન્ડ ઓફ 16 : સવારે 6:24 વાગ્યે
**સ્ક્વોશ :** મહિલા ટીમ ગ્રુપ મેચ : ભારત વિરુદ્ધ ઈરાન, સવારે 6:30 વાગ્યે
**શૂટિંગ :** પુરુષ ટ્રેપ વ્યક્તિગત ક્વોલિફાઈંગ અને ટીમ ફાઇનલ : સવારે 6:30 વાગ્યે
**ટ્રેક સાયકલિંગ :** મહિલા ટીમ સ્પ્રિન્ટ, ક્વોલિફિકેશન : સવારે 6:30 વાગ્યે
**શૂટિંગ :** મહિલા ટ્રેપ વ્યક્તિગત ક્વોલિફાઈંગ અને ટીમ ફાઇનલ : સવારે 6:30 વાગ્યે
**ટ્રેક સાયકલિંગ :** પુરુષોની ટીમ સ્પ્રિન્ટ, ક્વોલિફિકેશન : સવારે 6:38 વાગ્યે
**કેનોઈંગ :** પુરુષ કાયક સિંગલ્સ હીટ : સવારે 7:00 વાગ્યે
**કેનોઈંગ :** મહિલા કેનો સિંગલ્સ હીટ : સવારે 7:00 વાગ્યે
**કેનોઈંગ :** મહિલા કાયક સિંગલ્સ હીટ : સવારે 7:00 વાગ્યે
**ટ્રેક સાયકલિંગ :** મહિલા ટીમ પર્સ્યુટ : સવારે 7:12 વાગ્યે
**તીરંદાજી :** મહિલા રિકર્વ વ્યક્તિગત ઇવેન્ટ : સવારે 9:45 વાગ્યે
**સેઇલિંગ:** પુરુષ ડીંઘી, ક્વોલિફાઈંગ સિરીઝ રેસ 3 : સવારે 10:00 વાગ્યે
**ટેનિસ :** પુરુષ સિંગલ્સ, બીજો રાઉન્ડ : સવારે 10 વાગ્યાથી 12 વાગ્યે
**બોક્સિંગ :** મહિલ 65 કિગ્રા સેમિ-ફાઇનલ : સવારે 10:15 વાગ્યે
**બોક્સિંગ :** પુરુષ 80 કિગ્રા સેમી ફાઇનલ : સવારે 11:00 વાગ્યે
**બોક્સિંગ :** પુરુષ 90 કિગ્રા+ સેમી ફાઇનલ : સવારે 11:30 વાગ્યે
**ટેનિસ :** પુરુષોની ડબલ્સ, બીજો રાઉન્ડ : બપોરે 12:30 વાગ્યા પહેલાં નહીં
**વોલીબોલ :** પુરુષ પૂલ સી : ભારત વિરુદ્ધ કતાર, બપોરે 12:30 વાગ્યે
**એથ્લેટિક્સ :** પુરુષ પોલ વોલ્ટ ફાઇનલ : બપોરે 2:50 વાગ્યે
**ટેનિસ :** મિક્સ્ડ ડબલ્સ, પ્રથમ રાઉન્ડ : બપોરે 3:30 વાગ્યા સુધીમાં
**એથ્લેટિક્સ :** મહિલા હાઇ જમ્પ ફાઇનલ : બપોરે 3:35 વાગ્યે
**એથ્લેટિક્સ :** મહિલા હેમર થ્રો ફાઇનલ : સાંજે 4:05 વાગ્યે.
**એથ્લેટિક્સ :** મહિલા 800 મીટર ફાઇનલ સાંજે 4:20 વાગ્યે
**એથ્લેટિક્સ :** પુરુષ 800 મીટર ફાઇનલ : સાંજે 4:35 વાગ્યે
**એથ્લેટિક્સ :** પુરુષ 5000 મીટર ફાઇનલ : સાંજે 4:45 વાગ્યે
**એથ્લેટિક્સ :** મિક્સ્ડ 4x100 મીટર રિલે ફાઇનલ : સાંજે 5:18 વાગ્યે
**એથ્લેટિક્સ :** મહિલા 4x400 મીટર રિલે ફાઇનલ : સાંજે 5:35 વાગ્યે
**એથ્લેટિક્સ :** પુરુષ 4x400 મીટર રિલે ફાઇનલ : સાંજે 5:47 વાગ્યે

# એથ્લેટિક્સમાં ત્રણ સિલ્વર સહિત છ મેડલ સાથે ભારતનો શાનદાર દેખાવ

**ગુલવીરે** દોડમાં, શ્રીશંકરે લોન્ગ જમ્પમા અને યશવીરે ભાલા ફેંકમાં સિલ્વર મેળવ્યો

**વિથ્યા** રામરાજે હર્ડલ્સમાં, પારુલે લાંબી દોડમાં અને રોહિતે ભાલા ફેંકમાં બ્રોન્ઝ જીત્યો





### વિથ્યા રામરાજે પીટી ઉષાનો 42 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

મહિલાઓની 400 મીટર વિઘ્નદોડમાં વિથ્યા રામરાજે 54.75 સેકન્ડનો સમય કાઢીને બ્રોન્ઝ મેડલ જીતવા સાથે તેણે 1984 ના ઓલિમ્પિક્સમાં દિગ્ગજ ખેલાડી પીટી ઉષા દ્વારા સ્થપાયેલો 55.42 સેકન્ડનો 42 વર્ષ જૂનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડી નાખ્યો છે.

નગોયા, તા. 28 (પીટીઆઇ) : એશિયન ગેમ્સમાં આજે સોમવારે એથ્લેટિક્સ સ્પર્ધાના બીજા અને છેલ્લા દિવસે ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરતા ત્રણ સિલ્વર સહિત કુલ કુલ 6 મેડલ પોતાના નામે કર્યા છે. જોકે, ગોલ્ડ મેડલ માટેની રાહ આજે પણ યથાવત રહી હતી.

પુરુષોની 1500 મીટર દોડમાં ગુલવીર સિંહે 3:36.72 ના પોતાના શ્રેષ્ઠ સમય સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. ચાલુ એશિયન ગેમ્સમાં આ તેનો બીજો સિલ્વર મેડલ છે. આ સાથે લાંબી કૂદમાં મુરલી શ્રીશંકરે 8.07 મીટરના કૂદકા સાથે સિલ્વર મેડલ મેળવ્યો હતો. ચોથા પ્રયાસમાં પગની ઘૂંટીમાં ઈજા થવા છતાં તે બીજા ક્રમે રહ્યો હતો. ભાલા ફેંક સ્પર્ધામાં ભારતે બે મેડલ મેળવ્યા હતા. જેમાં યશવીર સિંહે 85.72 મીટરના વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન સાથે સિલ્વર અને રોહિત યાદવે 84.35 મીટર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. શ્રીલંકાના રૂમેશ પથિરાગે 88.55 મીટરના ફેંક સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. મહિલાઓની 400 મીટર હર્ડલ્સમાં વિથ્યા રામરાજે 54.75 સેકન્ડના સમય સાથે ત્રીજા ક્રમે રહીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો, તો મહિલાઓની 5000 મીટર દોડમાં પારુલ ચૌધરીએ 15:14.61 ના સમય સાથે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આ સાથે ચાલુ ગેમ્સમાં ભારતીય એથ્લેટિક્સ ટીમની કુલ મેડલ સંખ્યા 19 પર પહોંચી છે.

# શૂટીંગમાં પાંચ શૂટ ઓફ પછી ઈશા સિંહે સિલ્વર જીત્યો

**મહિલાઓની** 25 મીટર પિસ્તોલમા ઇશાનો સિલ્વર એકમાત્ર મેડલ, મનુ ભાકર વ્યક્તિગત અને ટીમ ઇવેન્ટમાં પણ મેડલ વિહિન

નાગોયા, તા. 28 (પીટીઆઇ) : એશિયન ગેમ્સમાં સોમવારે મહિલાઓની 25 મીટર પિસ્તોલ સ્પર્ધામાં 21 વર્ષીય ભારતીય શૂટર ઈશા સિંહે અદ્દભૂત ધૈર્ય અને સંઘર્ષ ક્ષમતાનું પ્રદર્શન કરીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. ખભા અને હાથના અસહ્ય દુખાવા છતાં ઈશાએ કુલ પાંચ રોમાંચક શૂટ-ઓફનો સામનો કરીને આ સિદ્ધિ મેળવી હતી.



ચીનની ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલિસ્ટ જિયારુઈક્સુઆન શિયાઓ સામે ગોલ્ડ મેડલ માટેના આખરી શૂટ-ઓફમાં બંને શૂટર્સ 38 હિટ્સ સાથે એશિયન ગેમ્સના રેકોર્ડની સરખામણી પર રહ્યા હતા, પરંતુ અંતે ઈશાને સિલ્વરથી સંતોષ માનવો પડ્યો હતો. આ ફાઈનલ દરમિયાન ઈશાએ નોર્થ કોરિયાની કિમ હ્યોન સુક સામે ત્રણ શૂટ-ઓફ જીતીને પોતાની દાવેદારી જાળવી રાખી પછી શિયાઓ સામે બે શૂટ-ઓફમાં બરાબરી પર રહી હતી. ક્વોલિફિકેશન તબક્કામાં ઈશા આઠમા ક્રમે રહીને માંડ ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ ફાઈનલમાં તેણે અદ્દભૂત પુનરાગમન કર્યું હતું.

બીજી તરફ, ભારતની મનુ ભાકર 579ના સ્કોર સાથે 11મા ક્રમે રહીને ફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહી હતી. રાહી સરનોબત 568ના સ્કોર સાથે 30મા સ્થાને રહી હતી. રાહીનો એક શોટ ફ્રેમમાં વાગતા 0 અંક મળ્યો હતો, જેના કારણે ભારતની ટીમ પણ 1727ના કુલ સ્કોર સાથે પાંચમા ક્રમે રહી હતી.

# વરસાદે ક્રિકેટની ક્વાર્ટર ફાઈનલ ધોઇ નાંખતા ભારત સેમી ફાઈનલમાં

**વરસાદને** કારણે મેચ રદ થઇ, ઉચ્ચ રેન્કિંગના આધારે ભારતનો સેમી પ્રવેશ, હોંગકોંગ સામેની મેચ ધોવાતા પાકિસ્તાન પણ સેમીમાં



નાગોયા, તા. 28 (પીટીઆઇ) : એશિયન ગેમ્સમાં આજે સોમવારે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની પુરુષ ક્રિકેટ ક્વાર્ટર ફાઇનલ મેચ ખરાબ હવામાન અને સતત વરસાદના કારણે એક પણ બોલ ફેંક્યા વિના રદ કરવામાં આવી હતી. મેચ રદ થતાં જ ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય ટીમે રમ્યા વિના જ સેમી ફાઇનલમાં સ્થાન મેળવી લીધું હતું.

હવે સેમિફાઈનલમાં ભારતનો મુકાબલો મંગળવારે યોજાનારી નેપાળ અને શ્રીલંકા વચ્ચેની ક્વાર્ટર ફાઈનલના વિજેતા સાથે થશે. જો તે મેચ પણ વરસાદમાં ધોવાઇ જશે તો ઉચ્ચ રેન્કિંગના આધારે શ્રીલંકા સેમી ફાઈનલમાં પહોંચશે અને ભારત સામે રમશે. આ સિવાય પાકિસ્તાન અને હોંગકોંગ વચ્ચેની પ્રથમ ક્વાર્ટર ફાઈનલ પણ વરસાદના કારણે રદ થઈ હતી, જેમાં પાકિસ્તાન ઉચ્ચ રેન્કિંગના આધારે સેમી ફાઈનલમાં પહોંચ્યું હતું.

## ઓસ્ટ્રેલિયા સામેની વનડે સીરિઝમાં દક્ષિણ આફ્રિકાની અજેય સરસાઇ

જોહાનિસબર્ગ, તા. 28 (પીટીઆઇ) : ડેવિડ મિલર અને કેપ્ટન ટેમ્બા બવુમાની શાનદાર સદીઓની મદદથી દક્ષિણ આફ્રિકાએ બીજી વન ડેમાં ઓસ્ટ્રેલિયાને 32 રને પરાજય આપીને વનડે શ્રેણી પોતાના નામે કરી લીધી છે. આ વિજય સાથે દક્ષિણ આફ્રિકાએ સીરિઝમાં અજેય સરસાઈ મેળવી લીધી છે. પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકાએ નવ વિકેટે 365 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ડેવિડ મિલરે માત્ર 93 બોલમાં 12 ચોગ્ગા અને 9 છગ્ગાની મદદથી વિસ્ફોટક 142 રન ફટકાર્યા હતા, જ્યારે કેપ્ટન બવુમાએ 103 રનની ઇનિંગ રમી હતી. 366 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમને મિચેલ માર્શના 84 અને ટ્રેવિસ હેડના 84 રનની મદદથી મજબૂત શરૂઆત મળી હતી. જોકે તે અંતિમ ઓવરમાં 333 રને ઓલઆઉટ થઈ ગઈ હતી.

# કુરાશમાં બ્રોન્ઝ જીતી પિંકીએ એશિયાડમાં ઈતિહાસ રચ્યો

**સેમી** ફાઇનલમાં ઇજા છતાં સંઘર્ષ કરનાર પિંકી બલહારા એશિયન ગેમ્સ કુરાશમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય બની

નાગોયા, તા. 28 (પીટીઆઇ) : એશિયન ગેમ્સની મહિલાઓની 78 કિગ્રા કુરાશ સ્પર્ધાની સેમિફાઈનલમાં દક્ષિણ કોરિયાની સુમિન મો સામે 0-5થી પરાજય બાદ ભારતીય ખેલાડી પિંકી બલહારાએ બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. આ સાથે જ તે એશિયન ગેમ્સના ઈતિહાસમાં કુરાશ રમતમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય ખેલાડી બની ગઈ છે. આ અગાઉ 27 વર્ષીય પિંકીએ 2018ની જકારતા એશિયન ગેમ્સમાં 52 કિગ્રા કેટેગરીમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો, જ્યારે તે જ વર્ષે માલપ્રભા જાધવે પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

ક્વાર્ટરફાઈનલમાં દક્ષિણ કોરિયાની ગારામા લિમ સામે 3-0થી શાનદાર જીત મેળવીને પિંકીએ સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. જોકે ક્વાર્ટરફાઈનલ મેચ દરમિયાન તેના જમણા ઘૂંટણમાં ગંભીર ઈજા થઈ હતી. પિંકીએ જણાવ્યું કે સેમી ફાઈનલમાં તેની વિરોધી ખેલાડીને ઈજા વિશે ખબર હોવાથી તે સતત તે જ ઘૂંટણ પર પ્રહાર કરી રહી હતી. પિંકી માટે 78 કિગ્રા શ્રેણીમાં આ માત્ર બીજી જ સ્પર્ધા હતી.



### કુરાશની રમત શું છે

કુરાશ એ મધ્ય એશિયા અને ખાસ કરીને ઉઝબેકિસ્તાનની પરંપરાગત માર્શલ આર્ટ છે. આ રમતમાં ગ્રાઉન્ડ ટેકનિક, ગળું દબાવવું કે હાથ-પગના સાંધા લોક કરવા પર સખત મનાઈ હોય છે અને વિજયનો નિર્ણય માત્ર ઊભા રહીને કરવામાં આવતા થ્રો પર આધારિત હોય છે.

### એશિયન ગેમ્સ મેડલ ટેલિ

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1. | ચીન | 132 | 53 | 45 | 230 |
| 2. | જાપાન | 41 | 68 | 63 | 172 |
| 3. | દક્ષિણ કોરિયા | 21 | 26 | 43 | 90 |
| 4. | ઉઝબેકિસ્તાન | 12 | 17 | 13 | 42 |
| 5. | કઝાકિસ્તાન | 9 | 13 | 23 | 45 |
| 6. | થાઈલેન્ડ | 9 | 8 | 13 | 30 |
| 7. | બહેરીન | 9 | 2 | 3 | 14 |
| 8. | ઈરાન | 8 | 15 | 9 | 32 |
| 9. | ઉત્તર કોરિયા | 7 | 5 | 5 | 17 |
| 12. | ભારત | 4 | 20 | 21 | 45 |

## બોક્સિંગમાં લવલીના, પ્રિયા અને કપિલ સેમી ફાઇનલમાં પહોંચ્યા

નિશિયો, તા. 28 (પીટીઆઇ) : એશિયન ગેમ્સમાં ભારતીય બોક્સરોએ શાનદાર પ્રદર્શન ચાલુ રાખીને લવલીના બોરગોહેન, પ્રિયા ઘાંગસ અને કપિલ પોખરિયાએ સેમી ફાઇનલમાં પ્રવેશ કરીને મેડલ પાકા કર્યા છે. ટોક્યો ઓલિમ્પિક્સની બ્રોન્ઝ મેડલિસ્ટ લવલીનાએ દક્ષિણ કોરિયાની સીઓંગ સુયોનને 5-0 થી પરાજય આપ્યો હતો. પ્રિયા ઘાંગસે તાજિકિસ્તાનની મિજગોના સમાદોવા સામે પ્રથમ રાઉન્ડમાં પાછળ રહ્યા બાદ શાનદાર વાપસી કરીને સર્વાનુમતે જીત મેળવી હતી. કપિલ પોખરિયાએ પણ દક્ષિણ કોરિયાના કિમ ગીચાઇને 5-0 થી હરાવીને અંતિમ 4માં સ્થાન મેળવ્યું હતું.

## કમ્પાઉન્ડ તીરંદાજી : જ્યોતિ કોરિયાની 14 વર્ષની કાંગ સામે હારી બહાર, ચિકિથા, ગણેશ ક્વાર્ટરમાં

નાગોયા, તા. 28 (પીટીઆઇ) : એશિયન ગેમ્સની કમ્પાઉન્ડ તીરંદાજી સ્પર્ધામાં મોટો અપસેટ સર્જાયો છે. હાંગઝોઉ એશિયન ગેમ્સમાં ત્રણ ગોલ્ડ મેડલ જીતનારી ડિફેન્ડિંગ ચેમ્પિયન જ્યોતિ સુરેખા વેન્નમ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં દક્ષિણ કોરિયાની 14 વર્ષની કાંગ ચોનસીઓ સામે 146-150 થી હારીને સ્પર્ધામાંથી બહાર થઇ ગઇ છે. બીજી તરફ, ભારતના ડેબ્યુટન્ટ ચિકિથા તાનિપાર્થી અને ગણેશ મણિ રત્નમ થીરુમુરૂએ શાનદાર પ્રદર્શન કરતા પોતપોતાની મહિલા અને પુરુષ કમ્પાઉન્ડ સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

## ભારતની પુરૂષ અને મહિલા સ્ક્વોશ ટીમ ક્વાર્ટર ફાઇનલમાં

નાગોયા, તા. 28 (પીટીઆઇ) : નાગોયામાં યોજાઈ રહેલી એશિયન ગેમ્સની સ્ક્વોશ સ્પર્ધામાં ભારતની પુરૂષ અને મહિલા ટીમે પોતપોતાની મેચો જીતીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. ભારતીય મહિલા ટીમે જાપાન સામે 2-1થી સંઘર્ષપૂર્ણ વિજય મેળવ્યો હતો. અનુભવી ખેલાડી જોશના ચિનપ્પાએ એરિસા સાનોને 11-1, 11-8, 11-9થી હરાવીને ભારતને 1-0ની સરસાઇ અપાવી હતી. જોકે, અનાહત સિંઘને વિશ્વની 6ઠ્ઠા નંબરની ખેલાડી સતોમી વાતાનાબે સામે 11-8, 8-11, 7-11, 11-8, 11-9થી પરાજય સહન કરવો પડ્યો હતો. નિર્ણાયક મેચમાં તન્વી ખન્નાએ અકારી મિદોરીકાવાને 12-10, 11-9, 4-11, 12-10થી હરાવી ભારતને વિજય અપાવ્યો હતો. બીજી તરફ, ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતની પુરૂષ ટીમે દક્ષિણ કોરિયાને 3-0થી માત આપીને અંતિમ આઠમાં સ્થાન પાક્કું કર્યું હતું.

# WPL 2027 : પાચ ટીમોએ 63 ખેલાડી રિટેન કરી

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઇ) : વુમન્સ પ્રીમિયર લીગ (ડબલ્યુપીએલ) 2027ના કોચી ખાતે 28 ઓક્ટોબરે યોજાનારા ઓક્શન પહેલા વર્તમાન ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) દ્વારા ઓસ્ટ્રેલિયાની સ્ફોટક બેટ્સમેન ગ્રેસ હેરિસને રિલિઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બીસીસીઆઈની પ્લેયર રીટેન્શન સમયસીમા સોમવારે પૂર્ણ થઈ હતી, જેમાં પાંચ ટીમોએ 23 વિદેશી ખેલાડીઓ સહિત કુલ 63 ખેલાડીઓને પોતાની ટીમમાં જાળવી રાખ્યા છે. આરસીબીએ ગ્રેસ હેરિસ, ડી હેમલતા, ગૌતમી નાયક અને લિન્સે સ્મિથ સહિત કુલ ચાર ખેલાડીને રીલીઝ કરી છે. યુપી વોરિયર્ઝે કિરણ નવગિરે અને ડીએન્ડ્રા ડોટિન સહિત સૌથી વધુ નવ ખેલાડીઓને રિલિઝ કરી છે અને તે 3.65 કરોડ રૂપિયાની મહત્તમ રકમ સાથે હરાજીમાં ઉતરશે. દિલ્હી કેપિટલ્સે અલના કિંગ, સ્નેહ રાણા અને લિઝેલ લી સહિત 6 ખેલાડીને રીલીઝ કરી છે. મુંબઇ ઈન્ડિયન્સે જી કમાલિની અને સાઈકા ઈશાક સહિત છ ખેલાડીને રિલિઝ કરી છે.

### કઇ ટીમે કોને રીલીઝ કરી

**આરસીબી:** ગ્રેસ હેરિસ, ડી હેમલતા, લિન્સે સ્મિથ
**યુપી વોરિયર્ઝ:** કિરણ નવગિરે, ડીએન્ડ્રા ડોટિન
**દિલ્હી કેપિટલ્સ:** અલના કિંગ, સ્નેહ રાણા, લિઝેલ લી
**મુંબઇ ઇન્ડિયન્સ:** જી કમાલિની, સાઇકા ઇશાક
**ગુજરાત જાયન્ટ્સ:** ડેનિયલ વ્યાટ-હોજ

# એશિયન ગેમ્સમાં શૈલી સિંહના જમ્પની ખોટી માપણીનો આરોપ

**શૈલીનો** જમ્પ ગોલ્ડ મેડલ જીતનારી ખેલાડી કરતા આગળ હોવાના દાવા સાથે AFI પરિણામ સામે સીએએસમાં અપીલ કરશે

નાગોયા, તા. 28 (પીટીઆઇ) : ચાલુ એશિયન ગેમ્સમાં ભારતીય લોંગ જમ્પર શૈલી સિંહના પ્રયાસનું અધિકારીઓએ ખોટું અને ઓછું માપ લીધું હોવાનો આરોપ મૂકીને એએફઆઇ આ નિર્ણય સામે સ્પોર્ટ્સ કોર્ટ એટલે કે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ (સીએએસ)માં જવાનો નિર્ણય કર્યો છે. રવિવારે યોજાયેલી મહિલાઓની લોંગ જમ્પ સ્પર્ધામાં શૈલી સિંહે 6.42 મીટરના સર્વશ્રેષ્ઠ જમ્પ સાથે ચોથું સ્થાન મેળવ્યું હતું. વિવાદનું મુખ્ય કારણ શૈલીનો ચોથો પ્રયાસ છે, જે સત્તાવાર રીતે 6.41 મીટર માપવામાં આવ્યો હતો. શૈલીના મેન્ટર અને દિગ્ગજ એથ્લીટ અંજુ બોબી જ્યોર્જના જણાવ્યા અનુસાર, લેન્ડિંગ પિટની નજીક ન હોય તેવા અધિકારીના કહેવા પર આ માપ ખોટી રીતે લેવામાં આવ્યું હતું.

## સુડોકુ '૭૨૪૦'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૨ | ૩ | | ૯ | ૭ |
| | | ૧ | | | | | ૩ | ૫ |
| ૩ | | ૪ | | ૭ | ૧ | ૨ | | ૬ |
| ૭ | | ૬ | ૯ | ૮ | ૪ | ૩ | | |
| | | | ૬ | ૫ | ૭ | ૯ | | |
| ૫ | | | | | ૨ | | | ૪ |
| | ૨ | ૩ | | | ૮ | ૫ | ૪ | ૯ |
| ૯ | ૪ | ૭ | | ૧ | ૫ | ૮ | ૬ | ૩ |
| ૮ | ૬ | ૫ | | ૪ | | | ૨ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### દૂઝતા હરસ

લોહી જતું હોવાથી વ્યક્તિ અતિ માનસિક પરિતાપ વેઠે છે. કાળા તલ 50 ગ્રામ અને પીળા નાગકેસર 50 ગ્રામનું ચૂર્ણ કરવું. તેમાંથી પાંચ, પાંચ ગ્રામ ચૂર્ણ ચમચી ઘી અને ચમચી સાકર સાથે ભેળવી સવાર, સાંજ લેવું.

## શબ્દગુંફન - ૭૨૫૬

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. લંબોદર, ગણપતિ (૪)
૪. પાછું (૩)
૭. પૂજા કરનાર (૩)
૮. પ્રથા, ધારો (૩)
૧૦. ચર્ચા, ઊહાપોહ (૪)
૧૨. હવા (૨)
૧૩. અનાજ (૨)
૧૪. લોટો (૩)
૧૬. લક્ષ્મી (૨)
૧૮. કૃષ્ણ (૨)
૧૯. હિંમત (૨)
૨૦. પ્રથા, રિવાજ (૩)
૨૧. એક વાર (૨)
૨૨. ઋતુ (૨)
૨૩. ભીડાતું, તાણેલું (૨)
૨૪. ઘોડાવાળો, શૂરવીર (૩)
૨૫. પરંતુ (૨)
૨૬. પૃથ્વી (૨)
૨૭. દેવુ, ઋણ (૩)
૩૦. ઊંડુ, ગાઢ (૩)
૩૨. જોગવાઇ (૪)
૩૩. એક ક્ષાર (૪)

**ઊભી ચાવી**
૨. સરદાર, આગેવાન (૩)
૩. એક સુગંધી પદાર્થ (૩)
૪. તળેલી મીઠાઇ (૪)
૫. હોડી (૨)
૬. વીજળી, વિદ્યુત (૨)
૯. બહુબોલું (૩)
૧૦. ચાલાક, હોશિયાર (૩)
૧૧. લીલું ઘાસ (૨)
૧૩. દુશ્મન (૨)
૧૪. ઓછું, ખરાબ (૨)
૧૫. હોડ, બોલી (૩)
૧૭. રસ્તો, રાહ (૩)
૧૮. સોબત, સંગાથ (૪)
૧૯. નુકસાન (૨)
૨૧. સો (૩)
૨૨. રેતીનું મેદાન (૨)
૨૩. પૈસાદાર, તાલેવંત (૪)
૨૫. સતામણી (૪)
૨૬. ઇચ્છા, મનિષા (૩)
૨૮. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૨૯. મૂળ ગામ કે દેશ (૩)
૩૧. મિત્ર (૨)

## આજનું પંચાંગ

**તા. 29/09/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** વદ: ત્રીજ 17.11 સંકષ્ટ અંગારકી ચતુર્થી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આષો-07
**યોગ :** હર્ષણ **કરણ:** બવ
**નક્ષત્ર :** અશ્વિની, 9.4 પછી ભરણી
**રાશિ:** મેષ (અ.લ.ઇ.)
**દિવસ :** તૃતિયા શ્રાધ્ધ, ભરણી શ્રાધ્ધ
**સુરતમાં સૂર્યોદય :** 06:30 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:28
**નવકારસી :** 07:18
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 16મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ આખર માસનો 17મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે: 15:00થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** રંગીન અને રોમેન્ટીક મુલાકાત થાય. નવા સામાજિક સંબંધો બને. કામકાજમાં અનુકૂળતા રહે. શુભ સમાચાર મળે.
**વૃષભ (બ,વ,ઉ,):** લેવડ-દેવડમાં લાગણીઓ પર કાબૂ રાખવો. ધાર્મિક યાત્રા થાય. સામાજિક યશ મળે. સરકારી કામમાં મદદ મળે.
**મિથુન (ક,છ,ઘ,):** આર્થિક બાબતે સામાન્ય રહે. હરીફોથી સાવધાન. સંતાનોના પ્રશ્નો સતાવે. શુભ સમાચાર મળે. આવક વધે.
**કર્ક (ડ,હ,):** વેપાર-ધંધામાં નવી યોજના બને. નવા સોદા પાર પડે. નોકરીમાં ટીમ વર્કનો લાભ મળે. નવી જવાબદારી મળે.
**સિંહ (મ,ટ,):** અટકેલા કામમાં ગતિ આવે. પ્રવાસ, પર્યટન, આયાત, નિકાસ, ઉચ્ચ શિક્ષણ, કાયદા વગેરેને લગતા કામમાં પ્રગતિ થાય.
**કન્યા (પ,ઠ,ણ,):** નવા કામમાં વડીલોની સલાહ ઉપયોગી રહેશે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. ખર્ચા વધશે.
**તુલા (ર,ત,):** નવા કરારથી ભાગીદારીમાં પ્રગતિ થાય. બાંધકામના ધંધામાં પ્રગતિ થાય. ઘરમાં અવરજવરથી અશાંતિ વધે.
**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્યનું ધ્યાન રાખવું. પડવા-વાગવાથી સાવધાન રહેવું. વિજાતિય મિત્રોનો સાથ મળે. વ્યવહારમાં સાવધાન રહેવું.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રેમમાં સાથ મળે. મનગમતી મુલાકાતથી ઉત્સાહ વધે. સંતાનોના પ્રશ્નો સતાવે. નવા કામની શરૂઆત થાય.
**મકર (ખ,જ,):** ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. સામાજિક કામમાં યશ મળે. નોકરીમાં નવી તક મળે. પ્રવાસમાં ધીરજ રાખવી.
**કુંભ (ગ,સ,શ,ષ,):** આત્મવિશ્વાસ વધશે. નવા કામની શરૂઆત થાય. આવક વધે. મિત્રો સાથે વ્યવસાયિક યોજના બને.
**મીન (દ,ચ,ઝ,થ,):** વાણી પર કાબૂ રાખવો. મોજશોખ, ખાણીપીણીના ધંધામાં આવક વધે. ઘરમાં ઉત્સાહજનક વાતાવરણ રહે.

## કોઈ પણ સાલમાં 29 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહે. નવી તકો સાથે નવા ફેરફાર અને જવાબદારી તથા સંઘર્ષ વધારનાર રહેશે. નોકરી ધંધામાં ટેકનોલોજીનો ઉપયોગ વધે. ચડતીપડતી રહે. હરીફો પરેશાન કરે. સમાજમાં યશ મળે. પરિવારની અપેક્ષાઓ વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. અટકેલા કામમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. સંતાનોનો અભ્યાસ કેરિયરમાં પ્રગતિ થાય. સરકારી નોકરીની તક મળે. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. સ્ત્રી વર્ગની નોકરી વગેરેમાં કદર થાય. પ્રમોશન થાય. પ્રેમવિવાહમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્ય વર્ષમાં સફળ બને. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. વારસા, જાયદાદ, જમીન વગેરે કામમાં પ્રગતિ થાય. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ, સોમ-ગુરુવાર, 2, 11, 20, 29 તારીખે નવા કામ કરવા. સફેદ, ક્રીમ, રંગનો ઉપયોગ કરતા રહેવું. જાન્યુઆરી, ફેબ્રુઆરી, મંગળ-બુધવાર 5, 8 તારીખે નવા કામ ટાળવાં, લીલા, કાળા, નીલા રંગનો ઉપયોગ ટાળવો.